એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા. ૦૨/૦૨/૨૦૧૬

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

બેઠક ક્રમાંક-(૬) ૧/૨૦૧૫-૧૬

## ગાંધીનગર

બાળ વિશ્વવિદ્યાલય

सत्यम् ऋतम् बृहत्

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક

તા. ૦૨/૦૨/૨૦૧૬ સમયઃ બપોરે ૧૨:૦૦ કલાક

સ્થળઃ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## -કાર્યવાહી નોંધ-

(મિનિટ્સ)

**એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ**

**તા. ૦૨/૦૨/૨૦૧૬**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ની પ્રથમ બેઠક મા. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૦૨/૦૨/૨૦૧૬ને મંગળવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર મુકામે બપોરે ૧૨:૦૦ કલાકે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતિ અને અનઉપસ્થિતિ નીચે મુજબ હતી.:

| | | | |
|---|---|---|---|
| ૧. | મા. કુલપતિશ્રી ડૉ. કે. એસ. લીખીયા | અધ્યક્ષશ્રી | ઉપસ્થિત |
| ૨. | સંયુક્ત સચિવશ્રી (ઉચ્ચ શિક્ષણ) | સભ્યશ્રી | અનઉપસ્થિત |
| ૩. | સરકારશ્રીના સચિવશ્રી નાણાવિભાગ | સભ્યશ્રી | અનઉપસ્થિત |
| ૪. | સંયુક્ત નિયામકશ્રી (ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી) | સભ્યશ્રી | અનઉપસ્થિત |
| ૫. | મહાનિયામકશ્રી દિવ્યાંશુભાઈ દવે | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૬. | મા. ડૉ. ધનશ્યામભાઇ ડી. રાવલ | સભ્યશ્રી | અનઉપસ્થિત |
| ૭. | મા. શ્રી નીપાબહેન મહેતા | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૮. | મા. ડૉ. સુજલ એ.મુન્શી | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૯. | મા. ડૉ. મહેન્દ્રભાઇ પી. ચોટલિયા | સભ્યશ્રી | અનઉપસ્થિત |
| ૧૦. | નાણા અને હિસાબી અધિકારીશ્રી એમ.જી. વ્યાસ | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૧૧. | રજિસ્ટ્રારશ્રી કમલામની રાવ | સભ્ય સચિવશ્રી | ઉપસ્થિત |

પ્રારંભમાં ઉપસ્થિત સૌ સભ્યશ્રીઓનું સભ્યસચિવશ્રી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું તથા સરકારશ્રી દ્વારા નવ નિયુક્ત કુલપતિશ્રીએ પોતાનો પરિચય આપી સૌનો પરિચય કર્યો. ત્યારબાદ એજન્ડા મુજબ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

- **આ સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મીટિંગની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) સામેલ છે.**

Ramalamani Rao

# એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી

**બાબત ક્રમાંકઃ ૧** તા. ૦૬/૦૧/૨૦૧૫ના રોજ મળેલી એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત. (બીડાણ-૧)

**ઠરાવ ક્રમાંક- ૧** તા. ૦૬/૦૧/૨૦૧૫ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહીને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

**બાબત ક્રમાંકઃ ૨** નાણાસમિતિની તા. ૧૮/૦૧/૨૦૧૬ના રોજ મળેલી બેઠકથી એક્ઝિક્યુટીવ કાઉન્સિલને સાદર કરેલી ભલામણોની મંજૂરી બાબત.

**ઠરાવ ક્રમાંક- ૨** નાણાસમિતિની તા. ૧૮/૦૧/૨૦૧૬ની બેઠકમાં થયેલ ભલામણો પૈકી ઠરાવ ક્રમાંક : ૧ થી ૭ને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે તેમજ ઠરાવ ક્રમાંક : ૮ની પ્રથમ ૪ પંક્તિઓથી કરેલ ભલામણ નીચેના સુધારા સાથે સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.

| ઠરાવ ક્રમાંક-૮ની પ્રથમ ૪ પંક્તિથી કરવામાં આવેલ ભલામણ | EC દ્વારા સુધારા સાથે મંજુર કરેલ ભલામણ |
|---|---|
| ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા રોજમદાર/કરાર આધારિત કર્મચારીઓના કાર્યની તેમના વેતન/રોજની તેમજ કેવા કાર્યવાળી વ્યક્તિઓની જરૂરીયાત છે તે નક્કી કરવા નીચેની વ્યક્તિઓની સમિતિ બનાવવાનો ઠરાવ કરવામાં આવે છે તથા સમિતિ જે વેતન/રોજ સૂચવે તે ECની બેઠકમાં મંજૂરી અર્થે મૂકવા ભલામણ કરે છે. | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા રોજમદાર/કરાર આધારિત કર્મચારીઓના કાર્યની તેમના વેતન/રોજની તેમજ કેવા કાર્યવાળી વ્યક્તિઓની જરૂરિયાત છે તે નક્કી કરવા નીચેની વ્યક્તિઓની સમિતિ બનાવવાનો ઠરાવ કરવામાં આવે છે આ સમિતિની રચનાને EC મંજૂરી આપે છે તથા સમિતિની ભલામણો તથા સૂચવેલ વેતન/રોજ બાબતે અને તેના અમલ અર્થે યોગ્ય નિર્ણય લેવા મા. કુલપતિશ્રીને એક્ઝિક્યુટીવ કમિટિ સંપૂર્ણ સત્તા આપે છે. |

Ramalamani Rao

| એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ | તા. ૦૨/૦૨/૨૦૧૬ |
|---|---|

**બાબત ક્રમાંકઃ ૩** ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સીધી ભરતીથી નિમાયેલ સહ અધ્યાપક ડૉ. કીર્તિબહેન માટલીવાલાના ૧ માસના નોટીસ પેથી એક્ટની કલમ ૧૪ અન્વયે મા. કુલપતિશ્રી દ્વારા મંજૂર કરેલ રાજીનામાની બાબત ધ્યાને મૂકવા બાબત.

ઠરાવ ક્રમાંક- ૩ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સીધી ભરતીથી નિમાયેલ સહ અધ્યાપક ડૉ. કીર્તિબહેન માટલીવાલાના ૧ માસના નોટીસ પેથી મા. કુલપતિશ્રી દ્વારા એક્ટની કલમ (૧૪) અન્વયે મંજૂર કરેલ તાકીદના કામની નોંધ લેવામાં આવી.

**બાબત ક્રમાંકઃ ૪** અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબત મા. કુલપતિશ્રી દ્વારા તપોવન સંશોધન કેન્દ્ર અંગેની નીતિ અધ્યક્ષ સ્થાનેથી મૂકવામાં આવી. આ નીતિ તપોવન સંશોધન કેન્દ્રોના ટ્રસ્ટીશ્રીઓ/મેડિકલ ઓફિસરશ્રીઓ સાથેની તા. ૦૯/૦૯/૨૦૧૫ની બેઠકમાં થયેલા સૂચનો તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંબંધિત કાર્યકર્તાઓ દ્વારા વિચાર વિમર્ષનથી બનાવવામાં આવી હતી. જેમાં તપોવન સંશોધન કેન્દ્રો અંગે યુનિવર્સિટીની ભૂમિકા, ટ્રસ્ટ/સંસ્થાની ભૂમિકા, પ્રકલ્પ સંયોજકની ભૂમિકા, જૂના તપોવન સંશોધન કેન્દ્ર માટેની નીતિ, નવા તપોવન સંશોધન કેન્દ્ર માટેની નીતિ પરિશિષ્ટ-A, પરિશિષ્ટ-B, પરિશિષ્ટ-C, મંજૂરી પત્રો વિગેરે તા. ૦૧/૦૧/૨૦૧૬ની અસરથી મંજૂરી અર્થે બાબત તરીકે રજૂ થયેલી હતી.

ઠરાવ ક્રમાંક- ૪ એક્ઝિક્યુટીવ સમિતિના મા. અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલી તપોવન સંશોધન કેન્દ્રની નીતિ સર્વાનુમતે મંજૂર કરી તા. ૦૧/૦૧/૨૦૧૬થી અમલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

અંતમાં સૌનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી.

તારીખ : ૦૨/૦૨/૨૦૧૬
સ્થળ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર-૨૦, ગાંધીનગર

Ramalamani Rao
કુલસચિવશ્રી (I/C)